# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-01-2025 Day : Thursday Evening : 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## પ્ર.મંત્રીજી મોદી –**ONDC** ડિઝિટલ કોમર્સ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે , ડિજિટલ કૉમર્સ માટે ઑપન નેટવર્ક- ONDCએ નાના વેપારીઓના સશક્તિકરણ અને ઇ-કૉમર્સ ક્ષેત્રે ક્રાન્તિ લાવવામાં મહત્વનું યોગદાન આપ્યું છે. સોશિયલ મીડિયાના એક સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે , વૃદ્ધિ અને સમૃદ્ધિ વધારવામાં ONDC મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે , મોદી સરકારે ભારતમાં ઇ-કૉમર્સને લોકતાંત્રિક બનાવવાના ઉદ્દેશથી વર્ષ 2021માં ONDC શરૂ કરાવ્યું હતું. તેમણે કહ્યું , ગત ત્રણ વર્ષમાં ONDCએ અસંખ્ય સિદ્ધિઓ હાંસલ કરી છે અને પોતાના નેટવર્ક પર એક સમાન મંચનું નિર્માણ કરીને વેપારીઓ, ખાસ કરીને લઘુ ઉદ્યમીઓના સશક્તિકરણમાં મદદ કરી છે.

---

## નવી રચાયેલી મહાનગરપાલિકા

નવી રચાયેલી મહાનગરપાલિકાઓના વહીવટદાર તરીકે જિલ્લા કલેકટરોને કાર્યભાર સોંપાયો છે. રાજ્યમંત્રી મંડળની બેઠકમાં રાજ્યમાં નવી નવ મહાનગરપાલિકાઓ કાર્યરત કરવાની મંજૂરી ગઈકાલે આપવામાં આવી હતી.

નવી મહાનગરપાલિકાઓ તાત્કાલિક અસરથી અમલમાં આવતા આ નગરપાલિકાઓની વર્તમાન પાંખની અવેજીમાં હવે સંબંધિત જિલ્લા કલેકટરો મહાનગરપાલિકાઓના વહીવટદાર તરીકે ફરજ બજાવશે. જે અંતર્ગત ગાંધીધામ મહાનગરપાલિકાના વહીવટીદાર જીલ્લા કલેકટર અમિત અરોરા કાર્યભાર સંભાળશે.

જયારે ગાંધીધામ મહાનગરપાલિકાના પ્રથમ મ્યુનિસિપલ કમિશનર તરીકે અધિક કલેક્ટર મિતેશ પંડયાને અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે નાયબ કલેકટર મેહુલ દેસાઈ ની નિમણૂક કરાઈ છે.

--------------------------------------------------------------------------------

## ભુજ RTO- રાષ્રી--ય માર્ગ સલામતી મહિનો

ભુજ માર્ગ પરિવહન અધિકારીની કચેરી દ્વારા રાષ્ટ્રીય માર્ગ સલામતી મહિનાનો આરંભ કરવામાં આવ્યો છે. 31મી જાન્યુઆરી સુધી ચાલનારી આ ઉજવણી અંતર્ગત શાળાઓમાં પરિસંવાદ, એસટી ખાતે ચાલકો સાથે ચર્ચા, ડ્રાઈવરો માટે આંખ તપાસણી કેમ્પ તેમજ માર્ગો પર અલગ અલગ વિશેષ ચકાસણી ઝુંબેશ યોજવામાં આવશે.

--------------------------------------------------------------------------------

## કૃષિ શાખા- કૃષિ તાલીમ

કૃષિ શાખા ભુજ દ્વારા એનએફએસએમ યોજના હેઠળ ભુજ તાલુકાના 8 ગામમાં તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 270થી વધુ ખેડૂતો તાલીમ લીધી હતી. આ તાલીમ દરમિયાન ખેડૂતોને માટીના નમૂના એકત્ર કરવાની વૈજ્ઞાનિક પધ્ધતિ વિશે જણાવાયું હતું. તેમજ પ્રાકૃતિક સંસાધનોનો યોગ્ય ઉપયોગ, પાણીનો સંગ્રહ, જમીનમાં ભેજનો સંગ્રહ અંગે પ્રાકૃતિક ખેતી વિશે માહિતગાર કરાયા હતા. તથા અટલ ભૂ-જલ જળ યોજના અંતર્ગત ખેડૂતોને જમીનમાં પાણીનું સ્તર વધારવા અને સરકારના હેતુલક્ષી પ્રયાસો વિશે માહિતગાર કરાયા હતા.

--------------------------------------------------------------------------------

## યુજીસી નેટ - પરીક્ષા

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી દ્વારા યુજીસી-નેટની પરીક્ષા ૩ જાન્યઆરીથી ૧૬મી જાન્યુઆરી - ૨૦૨૫ દરમિયાન યોજા  શે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રકના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તાદરમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવા માટે પ્રતિબંધાત્મક હુકમો જાહેર કરવામાં આવ્યા છે.

ભુજ આર.આર. લાલન કોલેજ અને ડિપાર્ટમેન્ટલ ઓફ કોમ્પ્યુટર સાયન્સ , ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી - ભુજ પરીક્ષા કેન્દ્રોની આસપાસની ૨૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં ૩ જાન્યુઆરીના સવારના ૬ વાગ્યાથી ૧૬મી જાન્યુઆરી ૨૦૨૫ના રાત્રીના ૮ વાગ્યા સુધી પ્રતિબંધો અમલમાં રહેશે.

---

## કલા મહાકુંભ – 2024-25

જિલ્લા યુવા સાસ્કૃતિક પ્રવૃતિની કચેરી કચ્છ દ્વારા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર દ્વારા કલા મહાકુંભ 2024-25નું આયોજન કરવામાં આવ્યું છે. આ જિલ્લા કક્ષાના આયોજનમાં તાલુકા કક્ષાએ પ્રથમ નંબર મેળવેલા સ્પર્ધકો અને સીધા જિલ્લા કક્ષામાં ભાગ લીધેલ સ્પર્ધોએ જિલ્લા કક્ષા કલા મહાકુંભમાં ભાગ લેવા માટે 10મી જાન્યુઆરી 2025ના ભુજની ઓલ્રેધોડ હાઈસ્કૂલ ખાતે સવારે સાડા આઠ વાગ્યે હાજર રહેવા જણાવાયું છે.

---

## જમીન રિ-સર્વે વાંધા નોંધાવાની મુદ્દત લંબાઈ

કચ્છ સહિત રાજ્યમાં ખેતીની જમીન રિ-સર્વે માટેની કામગીરી હાથ ધરાઈ હતી. જેમાં પ્રમોલગેશન થયા બાદ રહી ગયેલી ક્ષતિઓ સામે ખેડૂતો દ્વારા વાંધા આવી રહ્યા હોઈ વાંધા નોંધાવવા માટેની મુદત વધારીને 31મી ડિસેમ્બર 2025 કરવામાં આવી છે.

---

<u>ઠંડી</u>

જિલ્લામાં લઘુતમ તાપમાનમાં સામાન્ય વધારો થતાં ઠંડી માં આંશિક રાહત થઈ છે.

આજે જિલ્લા મથક ભુજનું લઘુતમ તાપમાન 12.6 ડીગ્રીએ રહેતા રાત્રિથી સવાર સુધી શહેરીજનોને ઠંડીનો અનુભવ થયો હતો. તદ ઉપરાંત સરહદે આવેલા નલિયામાં આજે ન્યૂનતમ પારો 9 ડીગ્રીએ નોંધા તા રાજ્યમાં સૌથી નીચું તાપમાન ધરાવતું મથક બન્યું હતું.

---------------------------------------------------------------------------------------------